Divya Bhaskar, Ahmedabad

# સિસ વીડિયો ફોનથી મિનિટે બે રૂપિયામાં વીડિયો કોલ

ભાસ્કર ન્યૂઝ, અમદાવાદ

શહેરની આઈટી સોલ્યુશન પ્રોવાઈડર કંપની સાઈ ઈન્ફોસિસ્ટમ (ઈન્ડિયા) લિ. (સિસ) દ્વારા ગુજરાતમાં બીએસએનએલ સાથે મળીને વીડિયો ફોન સર્વિસ લોન્ચ કરાશે. જે વીડિયો કોલ અત્યાર સુધી કોર્પોરેટ્સના સ્તરે જ વપરાતા હતા તે હવે પીસીઓમાંથી પણ કરી શકાશે. જે વીડિયો કોલના એક કલાકનો દર ૧,૫૦૦ રૂપિયા થાય છે તે જ હવે કલાકના રૂ.૧૨૦ લેખે કરી શકાય તેવી આગવી સવલત બીએસએનએલ અને સિસ દ્વારા ઉપલબ્ધ કરવામાં આવી છે.



સિસના મેનેજિંગ ડિરેક્ટર અને ચેરમેન સુનિલ કક્કડે જણાવ્યું કે, 'પીસીઓ ઉદ્યોગમાં મંદી છે અને તેમને માટે ટકી રહેવું મુશ્કેલ હતું. વીફોનને કારણે તેઓ માટે ફરી એકવાર આશાનું કારણ જડશે અને તેઓ ગ્રામ્ય વિસ્તારોમાં વીડિયો કોલની સેવા સસ્તા દરે આપી શકશે.'

વીડિયો ફોનની સવલત સમજવા અને તે અંગે વાટાઘાટ કરવા શનિવારે બેંગલોર, મદુરાઈ, ગુજરાત, હિમાચલ પ્રદેશ, પંજાબ, મહારાષ્ટ્ર, હૈદરાબાદ જેવા રાજ્યના પીસીઓ એસો.ના અગ્રણીઓએ સિસના ઉપરી અધિકારીઓ સાથે આ અંગે બેઠક પણ યોજાઈ હતી. કોન્ફડરેશન ઓફ ઓલ ઈન્ડિયા પીસીઓના સેક્રેટરી જનરલ ડી કે શેઠે જણાવ્યું કે, 'પીસીઓ વાળા માટે વીડિયો ફોન આશીર્વાદ સાબિત થશે.'